# અરેઠ-બૌધાન-ઘલા રોડના 42 વર્ષ જૂના બ્રિજ પર ફક્ત બલકા વાહન દોડે છે

**10 ઓગસ્ટ** 2025 સુધી અહીંથી ભારે વાહનોની અવરજવર

સુરતઃ સુરત જિલ્લાના અરેઠ-બૌધાન-ઘલા રોડ પર આવેલા 42 વર્ષ જૂના મેજર બ્રિજની હાલત જોખમભરી જણાતાં, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ આ બ્રિજ પર ભારે વાહનોના અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. બ્રિજની તાકાત અને સુરક્ષાને ધ્યાનમાં રાખી ટ્રાફિક ડાયવર્ઝન અંગે વિશિષ્ટ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર 10 ઓગસ્ટ 2025 સુધી અહિથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે અને પરિપ્રેક્ષ્યમાં નવા વૈકલ્પિક રૂટ અમલમાં મૂકાયા છે. જાહેરનામું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. અહેવાલ અનુસાર બ્રિજનું ઉંમર અને માળખાકીય સ્થિતિ ભારે વાહનો માટે અનુકૂળ ન હોવાને કારણે આ પ્રતિબંધ ફરજિયાત બન્યો છે.

### વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા મુજબ ટ્રાફિક દિશા આ મુજબ રહેશે

1. **અરેઠ (માંડવી)થી કીમ થઈ સુરત જવા માટેઃ** અરેઠ(માંડવી) , તડકેશ્વર , કીમ ચાર રસ્તા (NHAI) , કામરેજ ચાર રસ્તા , સુરત
2. **અરેઠ (માંડવી)થી કામરેજ થઈ સુરત જવા માટેઃ** અરેઠ(માંડવી) , બૌધાન , શામપુરા , દિગસ , કામરેજ ચાર રસ્તા , ઘલા રોડ (NHAI જંક્શન)
3. **બૌધાનથી ઘલા જવા/આવવા માટેઃ** બૌધાન , શામપુરા , દિગસ , કામરેજ ચાર રસ્તા , ઘલા રોડ (NHAI જંક્શન)
4. **ઘલાથી માંડવી-કીમ ચાર રસ્તા થઈને જવા માટેઃ** ઘલા રોડ , NHAI જંક્શન , કીમ ચાર રસ્તા , તડકેશ્વર , માંડવી

# ઉદ્ઘાટન પૂર્વે જ ગોટિયા ગામ નજીક એક્સપ્રેસ વેનો એક ભાગ ધસી પડ્યો

**આ** ઘટનાને પગલે કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ગોટિયા ગામ નજીક નિર્માણાધીન એક્સપ્રેસ વેનો એક ભાગ ધસી પડતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન પણ થયું નથી.

મળતી માહિતી મુજબ, એક્સપ્રેસ વેની સાઈડનો એક મોટો હિસ્સો અચાનક ધસી પડ્યો હતો. આ ઘટનાથી પ્રોજેક્ટની ગુણવત્તા અને નિર્માણ કાર્ય પર ગંભીર સવાલો ઊભા થયા છે.

કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા આ એક્સપ્રેસ વેના ઉદ્ઘાટન પહેલાં જ આ રીતે રસ્તાનો ભાગ તૂટી પડવો એ ચિંતાજનક બાબત છે. સ્થાનિકો અને પ્રશાસન દ્વારા આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે.

**પાવરગ્રીડ-સ્ટર્લાઈટ સામે ખેડૂતો બતાવશે 'પાવર'**

# નવા 'સત્યાગ્રહ'ની શરૂઆત, વીજલાઇનના વિરોધમાં ખેડૂતોની પદયાત્રા નીકળશે

**સુરત** જિલ્લા ખેડૂત સમાજની મળેલી બેઠકમાં સરકારની ચૂપકીદી સામે નારાજગી, પદયાત્રા અસરગ્રસ્ત તમામ ગામોમાંથી પસાર થશ

**પૂજાવિધિ** કરી પદયાત્રાનો માંડવી તાલુકાના વિરપોર ગામેથી આરંભ થશે



### રૂટ નક્કી કરવા સહિતની સમિતિઓની રચના

પદયાત્રાના રૂટ નક્કી કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. ઉપરાંત, રાતવાસો સમિતિ અને ભોજન સમિતિ જેવી અલગ અલગ સમિતિઓ પણ કાર્યરત કરવામાં આવી છે. રાત્રિ વિરામ દરમિયાન ભજન, ગરબા જેવા કાર્યક્રમો પણ યોજવાની તૈયારીઓ ચાલી રહી છે, જે ગ્રામીણ સંસ્કૃતિ અને સામૂહિક ભાવનાને ઉજાગર કરશે.

બારડોલીઃ સુરત જિલ્લામાંથી પસાર થતી વીજ ટ્રાન્સમિશન લાઈનો દ્વારા ખેડૂતોને ઓછું વળતર ચૂકવવા સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ગુરુવારે બારડોલી સ્થિત ખેડૂત સમાજની ઓફિસમાં મળેલી બેઠકમાં ખેડૂતોએ જન જાગૃતિ અભિયાન અંતર્ગત ભવ્ય પદયાત્રા કાઢવાનો નિર્ણય કર્યો છે, પાવરગ્રીડ અને સ્ટર્લાઇટ કંપનીઓની 765 કેવી (KV) જેવી મહાકાય ટ્રાન્સમિશન લાઈનો સામે છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી ખેડૂતો સંઘર્ષ કરી રહ્યા છે. વળતરના મુદ્દે કંપનીઓ દ્વારા થતી મનમાની અને અન્યાય સામે ખેડૂતો હવે આર-પારની લડાઈના મૂડમાં છે. ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલે સમગ્ર જિલ્લાના ખેડૂતોમાં જાગૃતિ લાવવા અને મહાસંમેલનના ભાગરૂપે જન જાગૃતિ અભિયાન ચલાવવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો. આ પદયાત્રા માંડવી તાલુકાના વિરપોર ગામના ખેડૂત સુરેશભાઈના ખેતરેથી સજોડે પૂજા કરીને શરૂ થશે.

# સુરતમાં તમામ 99 બ્રિજની નિરીક્ષણ પ્રક્રિયા પૂર્ણઃ ત્રણ બ્રિજ ભારે વાહનો માટે બંધ

**માસમા** ખાડી બ્રિજનું સુરત માર્ગ અને મકાન વર્તુળના અધિક્ષક ઈજનેર એ.જી.વસાવાએ ઈન્સ્પેક્શન કર્યું

**સબ-સ્ટ્રક્ચર** અને સુપર-સ્ટ્રક્ચરમાં કોઈ ખામી નહીં, ખાસ ટીમે વિઝ્યુઅલ અવલોકન કર્યું



સુરતઃ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશોને અનુસરીને સુરત જિલ્લામાં મુખ્ય અને માઈનર સહિત કુલ 99 બ્રિજની તબક્કાવાર ચકાસણીની કામગીરી પૂર્ણ કરાઈ છે. સુરત જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ-2ના હસ્તકના 93 બ્રિજ, જેમાં 42 મેજર અને 51 માઈનર, તેમજ વિભાગ-1ના 6 બ્રિજની સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઈન્સ્પેક્શન દરમિયાન અરેઠ-બૌધાન-ઘલા-કરજણ રોડ, ગલતેશ્વર-ટીંબા-શામપુરા-બારડોલી તથા મહુવા-અનાવલ રોડ પર આવેલા ત્રણ બ્રિજને ભારે વાહનો માટે તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યા છે. કારણ કે, તેઓના માળખાગત ભાગોની ઊંડાણપૂર્વકની તપાસમાં ખામીઓ સામે આવી હતી. બ્રિજના ભવિષ્યના સંચાલન તથા જાળવણી અંગે મુખ્ય ઈજનેરો સાથે ચર્ચા કરીને જરૂરી તકેદારીનાં સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં. નિરીક્ષણ દરમિયાન કાર્યપાલક ઈજનેર એન.એન.પટેલ, નાયબ ઈજનેર પી.સી.ખીમાણી, મદદનીશ ઈજનેર વી.એચ.પટેલ તથા પી.બી.સખિયા સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર અભિયાનનો ઉદ્દેશ બ્રિજોની હાલતનું મૂલ્યાંકન કરી શક્ય તેટલી વહેલી તકે જોખમભર્યા પુલો પર પ્રતિબંધ, જાળવણી તથા જરૂર પડ્યે નવીનતમ સમારકામની કામગીરીને સુનિશ્ચિત કરવાનો છે.

### માસમા ખાડી બ્રિજનું નિરીક્ષણઃ 2004માં બનેલો બ્રિજ સંપૂર્ણપણે સલામત

ઓલપાડ તાલુકાની માસમા ખાડી ઉપર આવેલો મેજર બ્રિજ, જેનું નિર્માણ વર્ષ-2004માં થયું હતું,. તાજેતરમાં માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઈજનેર એ.જી.વસાવાના માર્ગદર્શન હેઠળ તેનું નિરીક્ષણ કરાયું હતું. તેમણે જણાવ્યું હતું કે, બ્રિજનું સુપર સ્ટ્રક્ચર સોલિડ સ્પેનથી બનેલું છે અને તે છ ગાળાના 10.5 મીટરના ભાગો ધરાવે છે. વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન દરમિયાન વોટર સ્પાઉટ, ક્રેશ બેરિયર અને એપ્રોચના એમ્બેંકમેન્ટનું પણ ચોકસાઈથી અવલોકન કરાયું હતું. આ બ્રિજમાં કોઈપણ પ્રકારની સ્પોલિંગ, સ્ટીલ કોરોશન, હનીકોમ્બિંગ કે લિચિંગ જેવી ખામીઓ જોવા મળી નથી. જેથી તે વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે સલામત અને કાર્યક્ષમ ગણાવાયો છે.

ભવિષ્યમાં પણ આવાં ઈન્સ્પેક્શનો જિલ્લા સ્તરે નિયમિત રૂપે યોજવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

**સુરત જિલ્લાના મેજર બ્રિજોની સલામતી માટે મોટું પગલું**

# માંડવી અને માંગરોળ તાલુકાના મુખ્ય પુલો માટે એન.ડી.ટી. ટેસ્ટની ભલામણ

**એન.ડી.ટી.** ટેસ્ટથી પુલની અંદરની સરંચના, ક્રેક્સ, ફાટો, કોંક્રિટની ક્ષમતા વગેરેનું વિજ્ઞાનપીઠ પર આધારિત મૂલ્યાંકન થશે

સુરત, માંડવીઃ સુરત જિલ્લાના પુલોની સલામતી અને મજબૂતી સુનિશ્ચિત કરવા માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. જિલ્લા પંચાયત હસ્તકના મુખ્ય બ્રિજોની સ્થિતિની ગંભીરતાપૂર્વક ચકાસણી શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને માંડવી અને માંગરોળ તાલુકાના મહત્ત્વપૂર્ણ પુલોની તકેદારીપૂર્વક મુલાકાત લઈને નિરીક્ષણ કરાયું હતું. અને એન.ડી.ટી ટેસ્ટ કરવાનું નક્કી કરાયું છે.

ચકાસણી દરમિયાન માંડવી તાલુકાના વરેહ ખાડી ઉપર જુનવાનથી જૂના માલધા તથા નવા માલધા રોડ વચ્ચે આવેલા મેજર પુલ અને માંગરોળ તાલુકાના કીમ નદી ઉપર આવેલા ત્રણ પુલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સંયુક્ત ચકાસણીમાં સુરત માર્ગ અને મકાન પંચાયત વર્તુળના અધિક્ષક ઈજનેર જે.કે. પટેલ અને જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર કે.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. માંડવી-માંગરોળના મહત્વના પુલોની ચકાસણી કરાઈ હતી. જેમાં માંગરોળ-હરસણી-ભીલવાડા રોડ પુલ, લીંબાડા-ઘુટી રોડ પુલ અને કોસંબા માર્ગ મુખ્ય પુલની ચકાસણી થઈ હતી.

### એન.ડી.ટી. ટેસ્ટ શું છે? કેવી રીતે કામ કરે છે?

નોન ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં કોઈ પણ પુલ કે માળખાની અંદર રહેલા ખામીઓનું વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન થાય છે. ત્યાં સુધી કે પુલ કે ઈમારતને તોડી નાંખ્યા વિના. આ પરીક્ષણો પુલ કે ઇમારતના જીવનકાળ, મરામતની જરૂરિયાત અને સલામતીના સ્તરને સમજવામાં સહાયક બને છે.

### એન.ડી.ટી.ના મુખ્ય પ્રકારો છેઃ

1. અલ્ટ્રાસોનીક ટેસ્ટીંગ (યુટી) - અવાજની તરંગોથી અંદરના તબક્કાઓ જાણવા
2. રીબાઉન્ડ હેમર ટેસ્ટ - કોંક્રિટની સપાટી પર હેમર મારવાથી મજબૂતી માપવી
3. ગ્રાઉન્ડ પેનેટ્રેટિંગ રડાર (જીપીઆર) - ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગોથી અંદરનું સ્ટ્રક્ચર જાણવા
4. કોર કટિંગ ટેસ્ટ - નાના સેમ્પલ લઈ લેબોરેટરીમાં વિશ્લેષણ કરવું

# સુમુલ ડેરીના BODની ચૂંટણી યોજવાનો માર્ગ ખૂલ્યો

**ચૂંટણી** ન યોજાય ત્યાં સુધી વહીવટદાર અથવા 7 સભ્યોની વ્યવસ્થાપક કમિટીને સત્તા સોંપવા ચક્રો ગતિમાન થયા

### ડો.તુષાર ચૌધરી વિપક્ષના નેતા બનતા સુમુલની ચૂંટણીમાં કોંગ્રેસ પેનલ ઉતારે એવી શક્યતા

બારડોલી બેઠકના પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ગુજરાત વિધાનસભાની કાર્યવાહી માટે કોંગ્રેસ પક્ષે ખેડબ્રહ્મા બેઠકના ધારાસભ્ય ડો.તુષાર અમરસિંહ ચૌધરીને વિપક્ષના નેતા બનાવ્યા સુમુલની ચૂંટણીમાં કોંગ્રેસ પેનલ ઉતારે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સુમુલ ડેરીમાં સત્તાના સૂત્રો કબ્જે કરવા વર્તમાન ચેરમેન માનસિંહ પટેલ અને વાઇસ ચેરમેન રાજુ પાઠક જૂથ વચ્ચે લડાઈ ચરમસીમા એ છે ત્યારે કોંગ્રેસ તાપી અને સુરત જિલ્લાની કેટલીક બેઠકો જીતી શકે એવી સ્થિતિમાં છે.જે બેઠકોમાં એ જીતી શકે એવી સ્થિતિમાં નથી ત્યાં સક્ષમ અપક્ષ અથવા ભાજપ પ્રેરિત બળવાખોરને પોતાના મત ટ્રાન્સફર કરી સમીકરણો બદલી શકે છે.

સુરતઃ ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ના પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજવાનો નિર્ણય લેવામાં આવતાં સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સામાન સુમુલ ડેરીની ચૂંટણી યોજાય એવી શક્યતા જોવાઈ રહી છે.8 ઓગસ્ટ 2025 ના રોજ સુમુલ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત પૂરી થાય છે.

ચૂંટણી યોજવા ચૂંટણી અધિકારીની નિમણૂક,જાહેરાત નામુ પ્રસિધ્ધ કરવાથી લઈ મતદારયાદી પ્રસિદ્ધ કરવા અને વાંધા સૂચનો મંગાવવા સુધી 76 દિવસનો સમય જરૂરી છે.એ જોતાં સુમુલમાં સરકાર 8 ઓગસ્ટ પછી વહીવટદાર તરીકે સુરતના જિલ્લા રજીસ્ટ્રારને ચાર્જ સોંપી શકે અથવા સુમુલના વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર પૈકી 7 ડિરેક્ટર્સની વહીવટી કમિટી આગલી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી ડેરીનું સંચાલન કરવા નીમી શકે છે.

સુમુલ ડેરીની જેમ અમરેલી દૂધ ઉત્પાદક સંઘની ચૂંટણી ન યોજાતા ડિરેક્ટર ગુજરાત હાઈકોર્ટમાં ગયા છે.તેમણે ઝડપથી ચુંટણી યોજવા અથવા વર્તમાન બોર્ડને નવી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી યથાવત રાખવા દાદ માંગી છે.એવી જ રીતે સુમુલની ચૂંટણી વધુ ન લંબાય એ માટે કોંગ્રેસ પ્રેરિત એક સભ્યને અમરેલી દૂધ ઉત્પાદક સંઘની માંગણી મુજબ હાઈકોર્ટ મોકલવા લીગલ ઓપિનિયન લેવામાં આવ્યો છે.

**નર્મદ યુનિવર્સિટીમાં ૬,૭૦૦થી વધુ બેઠકો ખાલી છે અને બીજી તરફ**

# PG પ્રવેશમાં હજુ પણ હજારો વિદ્યાર્થીઓ અપાત્ર, જીકાસના ત્રીજા તબક્કા દ્વારા મળશે છેલ્લો મોકો

**વિદ્યાર્થીઓ** ૧૮થી ૨૨ જુલાઈ વચ્ચે કરી શકશે નવા રજિસ્ટ્રેશન અને ચોઇસ બદલાવ

સુરતઃ રાજ્યની ૧૩ સરકારી યુનિવર્સિટીઓમાં પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ત્રીજા તબક્કાનો કાર્યક્રમ જીકાસ પોર્ટલ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ તબક્કો ખાસ કરીને તેમના માટે છે જેમણે અગાઉ ફોર્મ ન ભર્યું હોય, પ્રવેશથી વંચિત રહી ગયા હોય અથવા પ્રવેશ રદ થયો હોય. ૧૮ જુલાઈથી ૨૨ જુલાઈ સુધી વિદ્યાર્થીઓ નવા રજીસ્ટ્રેશન, કોલેજ-યુનિવર્સિટીની પસંદગીમાં ફેરફાર અને ડેટામાં સુધારાની તક મેળવી શકશે.

વિદ્યાર્થીઓએ ૨૩ જુલાઈ સુધીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાનો નવમો રાઉન્ડ ૨૫-૨૬ જુલાઈએ, દસમો રાઉન્ડ ૨૮ જુલાઈએ, અગિયારમો રાઉન્ડ ૨૯ જુલાઈએ અને અંતિમ તબક્કો ૩૦ જુલાઈએ જાહેર થશે. દરેક રાઉન્ડમાં આપવામાં આવતા ઓફર લેટર માત્ર સાંજના ૪ વાગ્યા સુધી માન્ય રહેશે.

# ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ તરીકે અમિત ચાવડાને રિપીટ કરાયા

**ડો તુષાર** ચૌધરીની વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે નિમણૂક

ગાંધીનગર : વિસાવદર અને કડી બેઠકમાં કોંગ્રેસના પરાજય બાદ તત્કાલીન પ્રદેશ પ્રમુખ શિક્તસિંહ ગોહિલે પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધુ હતું. આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પદે પાર્ટીના આંકલાવના સીનીયર ધારાસભ્ય અમીત ચાવડાની ફરીથી ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ પદે નિમણૂક કરી છે. જ્યારે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ડો. તુષાર ચૌધરીની નિમણૂક કરાઈ છે.

ગત 10 જુલાઈએ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. બેઠકમાં પ્રદેશ પ્રમુખના નામ માટે ચર્ચા કરવામાં આવી હતી. તે પછી ચર્ચાના અંતે આજે અમિત ચાવડાની પ્રદેશ પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. 30 વર્ષથી સત્તામાં આવવા માટે સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસે ફરી જૂના ચહેરા જ મેદાનમાં ઉતાર્યા હતા, જેમાંથી અમિત ચાવડા ઓબીસી અને તુષાર ચૌધરી આદિવાસી ચહેરો છે.અમીત ચાવડા 2018થી 2021 દરમ્યાન તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી ચૂકયા છે. અમિત ચાવડા આ પહેલા વિધાનસભામાં ઉપદંડક અને દંડકની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે.

**અનુસંધાન... પાના પહેલાનું**

### નવી રેન્કિંગ...

23 શહેરોએ આ લીગમાં પ્રવેશ કર્યો છે. 34 શહેરોને આશાસ્પદ સ્વચ્છ શહેરનો એવોર્ડ અપાયો એમાં વડોદરા પણ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક કાર્યક્રમમાં વિજેતાઓને પુરસ્કારો એનાયત કર્યા, જેમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો (HUA) મંત્રી મનોહર લાલ અને અન્ય લોકો હાજર હતા.

**કુંભ માટે વિશેષ માન્યતા**

ઉત્તર પ્રદેશ સરકાર, પ્રયાગરાજ મેળા અધિકારી અને પ્રયાગરાજ મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ મહાકુંભ દરમિયાન તેના અસાધારણ શહેરી કચરાના વ્યવસ્થાપન માટે વિશેષ માન્યતા આપવામાં આવી હતી, વિશ્વના આ સૌથી મોટા મેળાવડામાં આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન અંદાજે 66 કરોડ લોકોની અવરજવર જોવા મળી હતી.

### ફ્યુઅલ સ્વિચ...

દ્વારા પુરાવાઓના કરવામાં આવેલા પ્રારંભિક વિશ્લેષણથી વાકેફ એવા કેટલાક લોકોને ટાંકીને વૉલ સ્ટ્રીટ જર્નલે આ અહેવાલ આપ્યો છે. આ અહેવાલમાં જણાવાયા મુજબ કોકપીટ વોઈસ રેકર્ડરમાં રેકર્ડ થયેલા અવાજ મુજબ વિમાનના સહાયક પાયલોટ ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદરે વિમાન રન-વે પર દોડીને હવામાં ઉંચકાયું તેની થોડી જ સેકન્ડમાં વિમાનના મુખ્ય પાયલોટ કેપ્ટન સુમીત સભરવાલને પૂછ્યું કે શા માટે તમે ફ્યુઅલની સ્વીચ કટ-ઓફ પર મૂકી દીધી? કેપ્ટન સભરવાલે જવાબ આપ્યો કે મેં આ કર્યું નથી. અમેરિકી અધિકારીઓના કહેવા પ્રમાણે પ્રશ્ન પૂછનાર સહાયક પાયલોટના અવાજમાં ખૂબ ગભરાટ જણાય છે જ્યારે જવાબ આપનાર મુખ્ય પાયલોટે ઠંડકથી જવાબ આપ્યો જણાય છે. આના પછી વિમાનના ઈંધણની સ્વીચ ફરી ચાલુ કરવામાં આવી પરંતુ વિમાન સ્થિર થાય તે પહેલા તો તે તૂટી પડ્યું. બ્લેકબોક્સમાં રેકર્ડ થયેલી બંને પાયલોટોની વાતચીત પરથી જણાય છે કે કેપ્ટન સુમીત સભરવાલે જ સ્વીચો બંધ કરી દીધી હતી અને તપાસના અમેરિકન તપાસકારોની નજીકના સૂત્રોએ જણાવ્યું છે.

દેશના પાયલોટોના મહામંડળ ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલોટ્સ(FIP) દ્વારા આ અહેવાલ સામે સખત ટિપ્પણી આપવામાં આવી છે. તેણે તપાસ બોર્ડની ફેરરચના કરવા નાગરિક ઉડ્ડયન મંત્રાલયને વિનંતી કરી છે. ફેડરેશનના પ્રમુખ કેપ્ટન સીએસ રંધાવાએ કહયું કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો(AAIB)ના પ્રારંભિક રિપોર્ટમાં એવો કોઈ ઉલ્લેખ નથી કે પાયલોટે સ્વીચો બંધ કરી દીધી હોય.

### ઉદ્ધવ ઠાકરે...

ઉદ્ધવ ઠાકરે સાથે તેમના પુત્ર અને ભૂતપૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે પણ હતા. આદિત્ય ઠાકરેના જણાવ્યા અનુસાર, તેમણે ફડણવીસને ત્રિભાષા નીતિના અમલીકરણનો વિરોધ કરતા અનેક પત્રકારો અને સંપાદકો દ્વારા લખાયેલા લેખોનો સંગ્રહ આપ્યો હતો. આદિત્ય ઠાકરેએ કહ્યું, ''આજે અમે તેમને ઘણા પત્રકારો અને સંપાદકો દ્વારા લખાયેલા લેખોનું એક સંકલન આપ્યું હતું કે, ત્રિભાષા નીતિ પ્રથમ વર્ગથી કેમ ન હોવી જોઈએ...'' મીટિંગ દરમિયાન, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની નિમણૂક અને વિવાદાસ્પદ ત્રિભાષા નીતિ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રના વિવિધ સંપાદકો દ્વારા લખાયેલા લેખોનો સંગ્રહ 'હમેં હિન્દી કી આવશ્યકતા ક્યોં હૈ?' નામનું પુસ્તક ભેટમાં આપ્યું હતું. ફડણવીસે પુસ્તક સ્વીકતાં સૂચવ્યું હતું કે, તેની એક નકલ નરેન્દ્ર જાધવને પણ સુપરત કરવામાં આવે, જેઓ ત્રિભાષા નીતિના નિર્ણયની સમીક્ષા કરતી સમિતિના વડા છે. આ બેઠક વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેના વિદાય સમારંભ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસે જાહેર ટિપ્પણી કર્યાના એક દિવસ પછી જ યોજાઈ હતી. ફડણવીસે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, ભાજપ વિરોધ પક્ષમાં જોડાશે નહીં, પરંતુ ઉદ્ધવ ઠાકરે શાસક પક્ષમાં જોડાવા માટે વિચાર કરે તો તેનું સ્વાગત છે.

### પેટ્રોલિયમ મંત્રીએ...

પર આધાર રાખે છે. જો કોઈ મોટો ભૂરાજકીય ઘટનાક્રમ, જેમ કે ઈરાન-ઈઝરાયલ તણાવ, તો પરિસ્થિતિ બદલાઈ શકે છે. હકીકતમાં, તેલના ભાવ હાલમાં પ્રતિ બેરલ 65 ડોલર પર આવી ગયા છે, જેના કારણે તેલ માર્કેટિંગ કંપનીઓનો નફો વધી રહ્યો છે. આવી સ્થિતિમાં સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડીને જનતાને રાહત આપી શકે છે. કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ. 15 સુધીનો નફો કમાઈ રહી છે. રેટિંગ એજન્સીઓ અનુસાર, વર્તમાનમાં તેલ કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર 12-15 રૂપિયા અને ડીઝલ પર 6.12 રૂપિયાનો નફો કમાઈ રહી છે. આમ છતાં, તેલ કંપનીઓએ છેલ્લા એક વર્ષથી પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડ્યા નથી.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### સુરત એરપોર્ટને...

ઓફ ઈન્ડિયા ને ડિમોલિશન માટેની સાધન સામગ્રી સહિતની મદદ કરવા મ્યુનિસિપલ કમિશનરને આદેશ આપ્યો હતો. વર્ષ 2021થી 2025 સુધીના સમયગાળાના સુરત કલેકટર બધું જાણતા હોવા છતાં તેઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

RTI અંતર્ગત સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય ઈઝાવા એ જણાવ્યું હતું કે, RTI હેઠળ મળેલી માહિતી ચોંકાવનારી છે,પેસેન્જર,વિમાન અને સુરતના નાગરિકોની સુરક્ષા નેવે મૂકી એરપોર્ટ ઓથોરિટી, કલેકટર અને મહાનગરપાલિકા એ એકબીજાને પત્ર લખી બાંધકામ ન તોડવા ખો આપી હતી.3 વર્ષથી હુકમ થયો હોવા છતાં કોઈ કામગીરી કરવા આવી ન હતી.એવું સુરત મહાનગર પાલિકા અને કલેક્ટર વિભાગ વચ્ચે થયેલા પત્રવ્યવહાર પરથી ફલિત થાય છે. એરપોર્ટ અથોરીટી દ્વારા વર્ષ 2018 માં 50 જેટલા પ્રોજેક્ટોમાં કરવામાં આવેલ સંયુક્ત અવરોધ સર્વેક્ષણમાં 41 જેટલા પ્રોજેક્ટોમાં NOC ના ઉલ્લંઘન મળી આવેલ હતા. જે અંતર્ગત એરક્રાફ્ટ રૂલ્સ 1994 મુજબ 41 જેટલા પ્રોજેક્ટોને બિલ્ડીંગની ઊંચાઈ ઓછી કરવા નોટીસ આપવામાં આવેલ છે.

41 પ્રોજેક્ટોમાંથી 14 જેટલા પ્રોજેક્ટો સુઓ મોટો (સ્વૈચ્છિક) રીતે બિલ્ડીંગમાં અવરોધ રૂપ ઊંચાઈ ઓછી કરવા સહમતી દર્શાવવામાં આવી હતી. DGCA દ્વારા તમામ બાકી રહેલ તમામ 27 પ્રોજેક્ટોના બિલ્ડરોને ખાનગી હિયરીંગ કરી તા.06/08/2021 ના રોજ 8 હુકમ, તા.09/08/2021 ના રોજ 17 હુકમ, તા.10/08/2021 ના રોજ 2 હુકમ કરીને 27 પ્રોજેક્ટોને 60 દિવસ સમય મર્યાદામાં બિલ્ડીંગની ઉંચાઇ ઓછી કરવા હુકમ કરવામાં આવ્યો હતો.

DGCA ના આખરી હુકમ સામે 21 જેટલા પ્રોજેક્ટના ડેવલેપર - બિલ્ડરે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જેમાં (1. સેલેસ્ટિયલ ડ્રીમ, 2. ક્રિસ્ટલ પેલેસ, 3. હોરિઝોન, 4. રસિકવિલા, 5. સાલાસર પેલેસ, 6. સમર્થ એન્કલેવ, 7. શ્રીજી રેસિડેન્સી, 8. શ્રૃંગાર રેસિડેન્સી, 9. ઓમ આઈકોન, 10. શ્યામ પેલેસ, 11. સ્ટાર ગેલેક્ષી, 12. ગોકુલ પ્લેટિનમ, 13. ગ્રીન ફોર્ચ્યુન, 14. સેવન હેવન એપાર્ટમેન્ટ, 15. એમ્પાયર રેસિડેન્સી, 16. આગમ એક્રોસ રોડ , 17. સ્વસ્તિક વિહાર એપાર્ટમેન્ટ, 18. જોલી રેસિડેન્સી, 19. હેપ્પી ગ્લોરિયસ 20. ધ ઈવોલ્યુશન, 21. હેપ્પી રેસિડેન્સી),નો સમાવેશ થાય છે.જ્યારે

### આ 6...

સામે જે 6 પ્રોજેક્ટો અપીલમાં નથી ગયા તે પ્રોજેક્ટોના અવરોધરૂપ પ્રોજેક્ટની ઊંચાઈનો નિકાલ કરવા એરપોર્ટ ડીરેક્ટર દ્વારા કલેકટરને પત્ર લખીને જરૂરી કાર્યવહી કરવા માંગ કરી હતી. સુરત એરપોર્ટ ડીરેક્ટરના તા.27/07/2022 ના આખરી હુકમ અને સુરત મહાનગરપાલિકાનું તા.16/09/2022 ના યાદગીરી પત્ર પછી પણ કલેકટર દ્વારા અંદાજે 3 વર્ષ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ સમગ્ર બાબતો જોતા એવું લાગે છે કે બિલ્ડરોને નુકશાન ન પહોંચે,એનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે.સુરત જીલ્લા કલેકટર દ્વારા સુરત શહેરના 70 લાખ નાગરીકો જોડે અને એરપોર્ટની સુરક્ષા સાથે જાણી જોઇને ચેડા કરવામાં આવ્યા હોવાનું ફલિત થાય છે. RTI અંતર્ગત મળેલી માહિતી સુરત જીલ્લા કલેક્ટરની ઘોર બેદરકારી દર્શાવે છે.અમદાવાદ વિમાન દુર્ઘટના સુરતમાં બને ત્યારે પોતાની જવાબદારી ફિક્સ થઇ શકે એવા ભયે 3 જુલાઈ 2025 ના રોજ સુરત એરપોર્ટ ડિરેક્ટર એ.કે.શર્મા અને સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને પત્ર લખી એરપોર્ટ ઓથોરિટી અને સુરત મહાનગર પાલિકા એ સંકલન કરી જે મિલ્કતો પર ગુજરાત હાઇકોર્ટનો સ્ટે નથી,એનું ડિમોલિશન કરવા જણાવ્યું છે.

### વિમાની રૂટમાં...

રિ-સરવે કરવાની સૂચના આપવામાં આવી છે. આ રિ-સરવે L&T કોલોની (મગદલ્લા), સર્જન પેલેસ (VIP રોડ), રવિરત્ન એપાર્ટમેન્ટ અને ફ્લોરેન્સ એપાર્ટમેન્ટ (વેસુ) માટે થવાનો છે. આ કામગીરીમાં બિલ્ડીંગોના પ્રમુખો, રહીશો, બિલ્ડરો, કલેક્ટર કચેરી, મહાનગર પાલિકા તેમજ એરપોર્ટ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેશે. સરવેની વિસંગતતાઓના આધારે રહીશોએ ડેપ્યુટી કલેક્ટર વિક્રમ ભંડેરી સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે મુદ્દાની ગંભીરતા સમજીને એરપોર્ટના અધિકારીઓ સાથે બેઠક બોલાવી અને રિ-સરવે કરવાની જાહેરાત કરી.

### બાંધકામ દૂર કરનારને ઝડપી NOC મળશે

એરપોર્ટના વિસ્તૃત સરવે બાદ જે બિલ્ડીંગો ખરેખર અવરોધરૂપ સાબિત થશે, તેના બાંધકામોને બિલ્ડરો દ્વારા તાકીદે દૂર કરવામાં આવશે. ત્યારબાદ એરપોર્ટ ટીમ ફરીથી ચકાસણી કરશે અને યોગ્યતા અનુસાર NOC (નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ) આપશે.

### અમદાવાદ વિમાન...

કલેક્ટરે એરપોર્ટ ઓથોરિટી અને સુરત મહાનગર પાલિકા વચ્ચે સંકલન ગોઠવી આ ડિમોલિશન પાર પાડવા જણાવ્યું છે.

### સ્વચ્છતા સર્વેક્ષણમાં...

10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની 'સુપર સ્વચ્છ લીગ' કેટેગરીમાં સુરતે અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ કેટેગરીમાં સુરત, ઈન્દોર અને નવી મુંબઈ સાથે સુરત ફરીવાર ટોચ પર રહ્યું છે. સમારોહમાં સુરત શહેર વતી મેયર દક્ષેશ માવાણી અને મનપા કમિશનર શાલિની અગ્રવાલે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની સાથે રાષ્ટ્રપતિના હસ્તે પ્રમાણપત્ર અને શિલ્ડ સ્વીકાર્યા હતા.

આ વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં કુલ 12,500 ગુણના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જે અગાઉના વર્ષોની તુલનામાં 9,500થી વધારીને 12,500 કરવામાં આવ્યું હતું. જોકે, સુપર સ્વચ્છ લીગમાં સ્થાન પામેલા શહેરોના ગુણની જાહેરાત છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી હતી, જેના કારણે ગેરસમજ ઊભી થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરતે આ કેટેગરીમાં સૌથી વધુ ગુણ મેળવ્યા હોવાનું સામે આવ્યું છે. મેયર અને કમિશનરે આ સિદ્ધિનો શ્રેય સુરતના નાગરિકો, મનપાના કર્મચારીઓ અને ખાસ કરીને આરોગ્ય વિભાગ તેમજ સફાઈ કામદારોના સહયોગને આપ્યો હતો. અત્રે ઉલ્લખનીય છે કે, સ્વચ્છતા સર્વેક્ષણ-2021 અને 2022માં સુરતે દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં બીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે 2023માં કમિશનર શાલીની અગ્રવાલના માર્ગદર્શનમાં સુરત ઈન્દોર સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને રહ્યું હતું. આ વર્ષે સુપર સ્વચ્છ લીગમાં સર્વશ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરીને સુરતે ફરી એકવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે.

### ગેરસમજ દૂર...

બોલાવાયું હતું. સ્પર્ધક શહેરોએ મેળવેલા ગુણની જાહેરાત કરવાનું 'સુપર સ્વચ્છ લીગ' શ્રેણીમાં છેલ્લી ઘડીએ પડતું મૂકાયું અને સુપર સ્વચ્છ લીગ અને રેન્કિંગની સ્પર્ધા વચ્ચે શહેરો દ્વારા મેળવવામાં આવેલ કુલ ગુણના મુદ્દે ગેરસમજ ઊભી થવાની શકયતાના પગલે સરકાર દ્વારા સુપર સ્વચ્છ લીગમાં સ્થાન પામનારા શહેરોએ મેળવેલ ગુણો અંગે જાહેરાત કરવાનું ટાળ્યું હતું. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કુલ ૧૨૫૦૦ ગુણોમાંથી સુરતને સૌથી વધુ ગુણ મેળવ્યા છે.

### ગુજરાતના ઐતિહાસિક...

સંદિગ્ધ રેકેટમાં થયો હોવાનું માનવામાં આવે છે.આ એકાઉન્ટ્સનો ઉપયોગ હવાલા મારફતે ફંડના વહન માટે કરવામાં આવતો હોવાનો શંકાસ્પદ માળખો ઇડીની તપાસના કેન્દ્રમાં છે. પોલીસે અત્યાર સુધીમાં એકત્રિત કરેલા નિવેદનો, દસ્તાવેજો અને અન્ય પુરાવાઓ ઇડીને સુપરત કર્યા છે. આ આધારે ઇડી હવે આગળની તપાસ કરી રહી છે.

### દીપ ખેનીએ કિરાતને સાયબર ફ્રોડ કરવા 10 બેંક ખાતા પૂરા પાડ્યા હતા

ગીર સોમનાથથી દીપ મુકેશ ખેનીને તેના મામાના ઘરેથી પકડવામાં આવ્યો છે. દીપ તેના સાથીદારો મીત, કિરાત અને દિવ્યેશ (શાળાનો મિત્ર) સાથે ઘટનામાં સંકળાયેલો હતો. પોલીસે કરેલી પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે દીપ ખેનીએ કિરાતને સાયબર ફ્રોડ માટે આશરે 10 બેંક ખાતા પૂરા પાડ્યા હતા.આ ખોટા બેંક ખાતા પૂરા પાડવાના બદલે દીપને કુલ 70 લાખ રૂપિયાનો કમિશન મળ્યો હતો.આ ખાતા મેળવવાની તેની પદ્ધતિ આધુનિક અને સુવ્યવસ્થિત હતી,જેના કારણે આ ફ્રોડની કામગીરી જટિલ બનતી ગઈ હતી.સફળતાપૂર્વક ખોલાયેલા દરેક બેંક ખાતા માટે ખેડૂત ખેનીને કિરાત પાસેથી 7 લાખનું કમિશન મળતું હતું. દીપ ખેનીની ધરપકડ આ મોટા પાયે ચાલી રહેલા સાયબર ફ્રોડ ઓપરેશનને અટકાવવાના મહત્વપૂર્ણ પગલાંમાંની એક છે. આ ફ્રોડમાં ગુનેગારો દ્વારા ઉપયોગમાં લેવાતા જટિલ નેટવર્ક અને પદ્ધતિઓ પર હવે વધુ પ્રકાશ પડ્યો છે.પોલીસ અને ઇડી આ આંતરરાષ્ટ્રીય રેકેટ સાથે સંકળાયેલા અન્ય શખ્સોની વિગતો મેળવવા અને તેમને પકડવા માટે તપાસ ચાલુ રાખી રહ્યા છે. આ કૌભાંડમાં વધુ મોટા માથાઓ ખુલવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

### મુખ્ય આરોપી...

અને મીત ખોખરની ધરપકડ બાદ ચાલતી તપાસનો ભાગ છે.આ કૌભાંડમાં મુખ્ય આરોપીઓ દ્વારા ભેદભાવપૂર્વક મોટી રકમ સાયબર ફ્રોડ દ્વારા હરણ કરવામાં આવી હતી.

### આરબીએલ...

થયેલા ભંડોળને ટ્રાન્સફર કરવા માટે કરતા હતા. ઉધના પોલીસે કુલ 164 આવા બેંક ખાતાઓ જપ્ત કર્યા છે અને વિવિધ બેંકો પાસેથી સંબંધિત વિગતો મેળવી રહ્યા છે.વિશેષરૂપે, આરબીએલ બેંકના 89 ખાતાઓમાં કુલ 2050 કરોડ રૂપિયાના વ્યવહારો નોંધાયા છે, જે આ કૌભાંડના વ્યાપક અને ગહન સ્વરૂપને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

### આઈટીઃ સુરતના...

ટકા કમિશન લેતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.જે દિવસે દરોડા પડ્યા એ જ દિવસે 20 લાખની રોકડ સિઝ કરવામાં આવી હતી.આઈટીની ઈન્વેસ્ટિગેશન વિંગે વરાછારોડ અને નાનપુરામાં ચાર દિવસ અગાઉ દરોડા પાડયા હતા જેમાં સીએ. ઉકાણી, ટેક્સ કન્સલ્ટન્ટ જીગ્નેશ, નિરુપા, આકાશને ત્યાં તપાસ કરી હતી.

### બહેનપણીનો...

ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. કનુભાઈ રત્નકલાકાર તરીકે નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. કનુભાઈના સંતાન પૈકી 18 વર્ષીય રીના ઘરે સિલાઈ કામ કરીને પરિવારને આર્થિકરૂપે મદદરૂપ થતી હતી. રીનાએ બુધવારે સાંજે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પાંચ દિવસ પહેલા 11 જુલાઈના રોજ રીનાના ઘરની બાજુમાં રહેતી બહેનપણી 24 વર્ષીય નેહા નિલેશભાઈ સખતે ઘરે આપઘાત કરી લીધો હતો. જેથી તેના વિરહ અને આઘાતમાં સરીને રીનાએ પગલું ભર્યું હોવાની શક્યતા છે. મૃતક રીનાના પિતા કનુભાઈએ જણાવ્યું હતું કે, નેહા અને રીના ખૂબ જ સારી બહેનપણીઓ હતી. નેહા અમારી સંબંધી પણ થાય છે. નેહા સાથે રીનાને ખુબ જ લગાવ હતો. નેહાએ આપઘાત કર્યા બાદ પરિચિત લોકો તેના અવસાનના સ્ટેટ્સ મૂકતાં હતા. તેમજ રીના તે સ્ટેટ્સ જોયા કરતી હતી. ઓમ શાંતિ લખેલા ફોટાઓ પણ તેની પાસે આવતા તે જોઈને આઘાતમાં સરી પડી હતી. તેના કારણે જ આ પગલું ભર્યું હોય તેવી અમને શંકા છે.

### પાંચ દિવસ...

ઘરનો દરવાજા અંદરથી બંધ કરી છતમાં લગાવેલ લોખંડના હુક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે નિલેશભાઈ નોકરી પરથી સાંજે પરત આવ્યા ત્યારે સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. નેહાબેને કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું હતું.

### કતારગામમાં...

કેદ થઈ ગઈ છે, જેના આધારે કતારગામ પોલીસે તપાસ શરૂ કરી છે. સુરતના વકીલ આલમમાં શોકનો માહોલ છવાયો છે.